©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 13th AUGUST, 2026/SRAVANA 22, 1948 [No. 6294

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ નિયમ-૨૬(૧) અને ૨૬(૩)

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર)

ક્રમાંક : નરયો/ટી.પી.નં.૨(બોરસદ)(પ્રથમ ફેરફાર૨)/જાહેરાત/૨૨૩-હું, નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર રચના યોજના આણંદ, નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર૨)વિસ્તારમાં સમાવિષ્ટ તમામ જમીન માલિકો અને હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને આ સાથે જાણ કરું છું કે, ગુજરાત સરકાર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૮(૨)ની જોગવાઈઓને આધીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૦૯-૦૭-૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક GH/V/136 OF 2026/UDUHD/TPS/e-file/18/2026/3285/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર ને મંજૂર કરવામાં આવેલ છે. તેમજ સદરહું યોજનાને આખરી કરવા સારું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ- ૫૦(૧) ની જોગવાઈઓને આધીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૦૯/૦૭/૨૦૨૬ની અધિસૂચના ક્રમાંક : GH/V/137 OF 2026/UDUHD/TPS/e-file/18/2026/3285/L થી નગર રચના અધિકારી, નગર રચના યોજના એકમ, આણંદની હોદ્દાની રૂએ નિમણુંક કરવામાં આવેલ છે. જે અંગેની અધિસૂચના તા. ૦૯-૦૭-૨૦૨૬ના અસાધારણ રાજયપત્ર ભાગ-IV-B ના પાના નં.૧૯૨-૧ થી ૧૯૨-૨ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬(૧) માં ઠરાવ્યા મુજબ આથી નોટીસ આપું છું કે, તા. ૦૫-૦૮-૨૦૨૬ ને બુધવારના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો મારા દ્વારા સંભાળવામાં આવેલ છે. સદર નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર૨) ની ચતુ:સીમા અને હદો નીચે દર્શાવ્યા મુજબ છે.

ચતુ:સીમા

ઉત્તરે હદ : નગર રચના યોજના નં.૨ (બોરસદ) ની હદ પૂર્ણ ત્યારબાદ રે.સ.નં. ૧૧૦૦, ૧૧૦૪

દક્ષિણે હદ : નગર રચના યોજના નં.૨ (બોરસદ) નો અંતિમખંડ ૧૫૨

પુર્વે હદ : નગર રચના યોજના નં.૨ (બોરસદ) ની હદપૂર્ણ ત્યારબાદ રે.સ.નં. ૪૦૪

પશ્ચિમે હદ : ૧૨ મી. ટીપી સ્કીમ રોડ

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) માં સમાવિષ્ટ નંબરની યાદી

મોજે: બોરસદ

અંતિમ ખંડ નં. ૧૪૯/૧ (એસ.ઈ.ડબલ્યુ.એસ.એચ.), અંતિમ ખંડ નં. ૧૪૯/૨ (પબ્લિક યુટીલીટી એન્ડ સોસીયલ સર્વિસીસ)

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ સરકારશ્રી દ્વારા તૈયાર કરેલા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો- ૧૯૭૯ ના નિયમ-૨૬(૩) થી ઠરાવ્યા પ્રમાણે સદરહું યોજના અન્વયે હક્ક-હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની જોગવાઈઓમાં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં આ અધિસૂચના પ્રસિધ્ધ થયાના ૨૦ દિવસની અંદર પોતાના વાંધા-સૂચનો, જરૂરી અધિકૃત આધાર-પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, સદરહું નગર રચના યોજના દ્વારા પ્રતિકુળ અસર પામેલી કોઈ પણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે જો દાવો કરવા હક્કદાર છે તો તેમણે તેમના દાવાની વિગતો આ અધિસૂચના પ્રસિધ્ધ થયાના ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પ્રમાણિત પુરાવા સાથે નીચે સહી કરનાર નગર રચના અધિકારીને લેખિતમાં રજુ કરવાના રહેશે.

સરકારશ્રી દ્વારા મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્તની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નમુનાઓ, નકશાઓ સાથે રજા સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચેના સરનામે આવેલ કચેરીમાં ખુલ્લા રાખવામાં આવેલ છે તેમજ તે અંગેની સમજૂતી માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉક્ત વિગતો ધ્યાને લઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્તોથી અસર પામેલ પ્રત્યેક વ્યક્તિઓને નીચે દર્શાવેલ કચેરીના સરનામે સદરહું યોજનાની વિગતો જોવા તથા સમજૂતી મેળવવા આ સાથે વિનંતી કરવામાં આવે છે.

સ્થળ : આણંદ
તારીખ : ૦૫-૦૮-૨૦૨૬

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી,
નગર રચના યોજના,
આણંદ.

કચેરીનું સરનામુ :

નગર રચના અધિકારીની કચેરી
નગર રચના યોજના આણંદ
નગર પાલિકા કમ્પાઉન્ડ આણંદ-૩૮૮૦૦૧.
ફોન નં.- (૦૨૬૯૨)૨૪૧૮૭૫
ઈ-મેલ આઈ.ડી.:-tpo-udd-and@gujarat.gov.in

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.14 14:33:56 IST